# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2024** **Morning : 6.30 to 6.38**
**Day: SUNDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.**

---

- ❖ આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસે પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળ શ્રીનગરમાં મુખ્ય કાર્યક્રમ યોજાશે.
- ❖ મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને રાજ્યકક્ષાનો કાર્યક્રમ બનાસકાંઠાનાં નડા બેટ ખાતે યોજાશે.
- ❖ સિક્કીમ ખાતે ભૂસ્ખલનની ઘટનામાં ફસાયેલા તમામ ગુજરાતી પ્રવાસીઓ સલામત
- ❖ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદ ખાતે ૩૦ સ્માર્ટ શાળાઓનું લોકાર્પણ કરશે
- ❖ ગુજરાતના દરિયાકિનારે પાંચસો મેગાવોટનો પવન ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવા કેન્દ્ર સરકારની મંજૂરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Yog Day.. PM Kashmir

આજે દેશભરમાં 10મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવી રહ્યો છે.

મુખ્ય કાર્યક્રમ પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળ શ્રીનગરનાં શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે યોજાશે. ડલ સરોવરનાં કિનારે આવેલા આ સ્થળે આયોજિત કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રનાં 7000થી વધુ લોકો ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીરનાં ઉપરાજ્યપાલ મનોજ સિંહા, કેન્દ્રીય મંત્રી પ્રતાપરાવ જાધવ સહિતનાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

વિદેશમાં અનેક ભારતીય દૂતાવાસો ખાતે યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------

-પુલ, અનિલ આર પટેલ -(નવીન)

# Yoga Day CM

આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો કાર્યક્રમ સૌ પ્રથમવાર ભારત-પાકિસ્તાન સરહદે આવેલા નડા બેટ ખાતે યોજાશે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને સરહદ સલામતી દળનાં સહ આયોજનમાં આ વર્ષનો મુખ્ય કાર્યક્રમ સરહદ પર યોજાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સવારે સાડા છ કલાકે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 6.40 કલાકે સંબોધન કરશે, જેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ પ્રસંગે રાજ્યનાં યુવા, રમતગમત અને સાંસ્કૃતિ બાબતોના મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. નડા બેટ ખાતેનાં આ કાર્યક્રમમાં આશરે 10 હજાર લોકો ઉપસ્થિત રહે તેવી સંભાવના છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગોટિલા ગાર્ડન, સિંધુભવન રોડ, અમદાવાદ ખાતે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલ સુરત ખાતે યોજાનાર યોગ કાર્યક્રમમાં જોડાશે.

રાજ્યની 8 મહાનગરપાલિકા, 32 જિલ્લા, 251 તાલુકા, 20 નગરપાલિકા સહિત કુલ 312 મુખ્ય સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ગુજરાત ટપાલ વિભાગ દ્વારા રાજ્યમાં જ્યાંથી કર્કવૃત રેખા પસાર થાય છે, તેવા આઠ સ્થળોએ યોગનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાજ્યભરની ગ્રામ પંચાયતથી માંડીને મહાનગરપાલિકા સુધીની શાળા, કોલેજ, આઇટીઆઇ, જેલ, આરોગ્ય અને પોલિસ સહિતનાં અનેક વિભાગોમાં યોગનાં સત્રનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષનાં યોગ દિવસનો વિષય વસ્તુ છે- સ્વયં અને સમાજ માટે યોગ... રાજ્યનાં તમામ જિલ્લાઓમાં યોગ દિવસે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં

આવ્યું છે. અમારા ભાવનગરનાં પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ભાવનગર પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ચિત્રા, કુલસર નારી વોર્ડ કક્ષાનો ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ નો કાર્યક્રમ યોજાશે.

અમારા અમદાવાદના પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે ગુજરાત સાયન્સ સિટી ખાતે સવારે સાતથી નવ દરમિયાન આયોજિત કાર્યક્રમમાં યોગના નિષ્ણાતો તેમજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સભ્યો યોગાસનો અને પ્રાણાયામ શીખવાડશે.

અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી સાણંદના ગોધાવી ખાતે ઝાયડ્સ સ્કૂલમાં કરવામાં આવશે.

અમારા રાજકોટના પ્રતિનિધી જણાવે છે કે, રાજકોટ જિલ્લાના ૨૭૫ આયુષ્માન ભારત આરોગ્ય મંદિર, ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧૨ શહેરી આરોગ્ય કેન્દ્રો પર યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યા છે.

અમારા ગીર સોમનાથ જિલ્લા પ્રતિનિધી રાજેશ ભજગોતર જણાવે છે કે, પ્રાકૃતિક સૌંદર્ય ધામ એવા દ્રોણેશ્વર ખાતે વિદ્યાર્થીઓ દ્વારા યોગની પૂર્વ સંધ્યાએ યોગ કરીને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

----------------------------------------------------------------

- માહિતી ખાતુ, પીટીસી અમદાવાદ,રાજકોટ, ભાવનગર, ગીરસોમનાથ, પુલ અનિલ આર પટેલ -(નવીન)

# AMIT SHAH AHMEDABAD VISIT

કેન્દ્રિય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ આજે અમદાવાદના પ્રવાસે આવશે. શ્રી શાહ બપોરે વસ્ત્રાપુર સહકારી વસાહત પ્રાથમિક શાળા અને નારણપુરા ગુજરાતી શાળા નંબર એકની મુલાકાત લેશે. આ પ્રવાસ દરમિયાન શ્રી શાહ અમદાવાદ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા 36 કરોડ 44 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલી 30 સ્માર્ટ શાળાનું પણ લોકાર્પણ કરશે.

ત્યારબાદ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ નારણપુરા ખાતે જાહેરસભાને સંબોધશે. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદનાં મેયર પ્રતિભા જૈન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

……………………………………

# Sikkim Tourist

સિક્કીમના મંગન જિલ્લામાં તાજેતરમાં ભારે વરસાદના પરિણામે થયેલા ભૂસ્ખલનમાં ફસાયેલા તમામ ગુજરાતી પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા છે.

સિક્કીમના વહીવટી તંત્ર તરફથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ગુજરાતના આશરે ૩૦થી વધુ પ્રવાસીઓ લાચુંગ ગામ ખાતે અલગ-અલગ હોટલમાં રોકાયેલા હોવાથી ત્યાં ફસાયેલા હતા.

ગુજરાતી પ્રવાસીઓની સલામતી માટે રાજ્ય સરકારે સિક્કીમ વહીવટી તંત્ર સાથે કરેલા સતત સંકલનના પરિણામે તમામ પ્રવાસીઓને બચાવીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. હાલમાં લાચુંગ ગામે કોઈ ગુજરાતી પ્રવાસી ફસાયેલો નથી અને તમામ પ્રવાસીઓ સુરક્ષિત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા સિક્કીમ રાજયના વહીવટી તંત્ર સાથે સતત સંકલન કરવામાં આવ્યું હતું. કેટલાંક પ્રવાસીઓ ગુજરાત પરત ફર્યા છે, તેમ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------

-માહિતી, અનિલ આર પટેલ -(નવીન)

# CABINET DECISION

કેન્દ્ર સરકારે સાત હજાર 453 કરોડ રૂપિયાના ખર્ચ સાથે ગુજરાત અને તમિળનાડુમાં દરિયાકિનારે પાંચસો મેગાવોટના બે પવન ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવાની મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગઇકાલે મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગુજરાત અને તમિળનાડુમાં પાંચસો મેગાવોટના બે પવન ઉર્જા પ્રોજેક્ટ સફળતાપૂર્વક શરૂ થવાથી વાર્ષિક આશરે પોણા ચાર અબજ યુનિટની પુનઃપ્રાપ્ય વીજળીનું ઉત્પાદન થશે, જે વાર્ષિક ધોરણે આશરે 30 લાખ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરશે.

સરકાર તરફથી મળતી વીજીએફની સહાયથી દરિયાકિનારે પવન ઉર્જા પ્રોજેક્ટ્સની મદદથી વીજળી ઉત્પાદનનોનો ખર્ચ ઘટશે અને ડિસ્કોમ કંપનીઓ દ્વારા ખરીદી માટે તેમને વ્યવહારિક બનાવશે. ઓફશોર સબસ્ટેશન્સ સહિત વીજ વિતરણનું માળખું પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ દ્વારા બનાવવામાં આવશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# CM Gram Sabha

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગઇકાલે થરાદ તાલુકાના વડગામડા ખાતે રાત્રિ સભા - ગ્રામ સભા યોજાઈ હતી.

જેમાં મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતો, ગામ આગેવાનો, મહિલાઓ અને યુવાનો સાથે લોક સંવાદ કરી તેમના પ્રશ્નો, સમસ્યાઓ સાંભળી તેના નિરાકરણ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ સભામાં, પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્યમાન ભારત યોજના, શૈક્ષણિક સહાય, કૃષિ સહાય જેવી વિવિધ સરકારી યોજનાથી લાભાન્વિત થયેલા લાભાર્થીઓએ મુખ્યમંત્રી સમક્ષ પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

મુખ્યમંત્રીએ ગ્રામજનોની જમીન રી સર્વે, પાણી, રોડ રસ્તા, કેનાલો, શિક્ષણ, ગામમાં સ્મશાન ભૂમિ માટે જમીન ફાળવણી જેવી અનેક રજૂઆતો સાંભળી તેના નિરાકરણ માટેનો હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો.

મુખ્યમંત્રીએ ગ્રામ લોકોને નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજના વિશે માહિતી આપી ગ્રામજનોને આ બંને યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.તેમણે પર્યાવરણની સુરક્ષા અને વીજળીની બચત માટે આખા ગામને સોલાર સજ્જ બનાવવા અપીલ કરી હતી. તથા ગ્રામજનોને નવીન ટ્યુબવેલની ભેટ આપી હતી.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ, જિલ્લાની પાણીની સમસ્યા માટે અને ખાસ કરીને થરાદ તાલુકામાં પાણીદાર આયોજન માટે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

-માહિતી, નિકીતા -(નવીન)

# BETHAK

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ આજે રાજકોટ ખાતે યોજાનારી કઠોળની સ્થિતિ પરની વર્ચ્યુઅલ સમીક્ષા બેઠકમાં ભાગ લેશે

તેઓ આજે સવારે ૧૧:૩૦ કલાકે રાજકોટ કલેકટર કચેરી ખાતેથી આ બેઠકમાં જોડાશે, ત્યારબાદ તેઓ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તથા અન્ય જિલ્લાધિકારીઓ સાથે બેઠક યોજી જિલ્લાની કામગીરીની સમીક્ષા કરશે.

---------------------------------------------------------------------

-માહિતી, નિકીતા -(નવીન)

# Purak Parksha

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 24 જૂનથી 2.38 લાખ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા યોજાશે.

શિક્ષણ બોર્ડ દ્વારા આ પૂરક પરીક્ષા અંગેની કાર્યયોજના જાહેર કરાઈ છે. જે અંતર્ગત ધોરણ 10નાં 1.37 લાખ વિદ્યાર્થીઓ 41 કેન્દ્રો પર અને ધોરણ 12ના એક લાખ વિદ્યાર્થીઓ 34 કેન્દ્ર પર પરીક્ષા આપશે. બોર્ડ દ્વારા આ પરીક્ષા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરાઈ છે. કુલ બે લાખ 38 હજાર 30 વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

જે અંતર્ગત પરીક્ષાના સુચારૂ આયોજન અને વ્યવસ્થા માટે જુનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને પ્રાંત અધિકારીની કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

અમારા જુનાગઢ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે આ બેઠકમાં સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચાઓ કરી પરીક્ષાના સફળ સંચાલન માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી અને ખાસ અંતરિયાળ ગામડાઓમાંથી આવતા વિદ્યાર્થીઓને એસ.ટી. બસની પૂરતી સુવિધાઓ મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવા માર્ગદર્શન અપાયું હતું. તથા પરીક્ષાસ્થળો પર કોઈ વિદ્યાર્થીઓને તાત્કાલિક આરોગ્યલક્ષી સારવારની જરૂરિયાત ઉભી થાય તો તાત્કાલિક તેમને યોગ્ય સારવાર મળી રહે તે અંગે અને પરીક્ષાના સમય દરમિયાન યોગ્ય વિજપુરવઠો જળવાઈ રહે તથા ગેરરીતિ વગર શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષાઓ યોજાય તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચનો કરવામાં આવ્યા હતાં.

---------------------------------------------------------------------

-પીટીસી, જૂનાગઢ, હર્ષ -(નવીન)